# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/105 Dt. 08/10/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI, ચેમ્બર ખાતે કાર્યરત NRG સેન્ટર અને ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે 'NRI મેરેજ અવેરનેસ' સેમિનાર યોજાયો

### સુપ્રીમ કોર્ટના વકીલ પ્રિતિબેન જોશીએ વિદેશમાં પરણવા ઈચ્છુક યુવતીઓને પરણતા પહેલા રાખવાની કેટલીક મહત્વની તકેદારીઓ વિશે વિસ્તૃત જાણકારી આપી

### વિદ્યાર્થીઓએ વિદેશમાં ભારતીય દુતાવાસનો સંપર્ક સાધીને યુનિવર્સિટી, કોર્સિસ અને ત્યાંના વાતાવરણ વિષે પણ માહિતી મેળવી લેવી જોઇએ : ગુજરાત હાઇ કોર્ટના વકીલ એસ.પી. છાવીયા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન તેમજ ચેમ્બર ઓફ કોમર્સ સુરત ખાતે કાર્યરત એનઆરજી સેન્ટરના સંયુક્ત ઉપક્રમે સોમવાર, તા. ૭ ઓકટોબર ૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુરતની ભગવાન મહાવીર યુનિવર્સિટી ખાતે 'NRI મેરેજ અવેરનેસ' સેમિનાર યોજાયો હતો, જેમાં સુપ્રીમ કોર્ટના વકીલ સુશ્રી પ્રિતિબેન જોશીએ વિદેશમાં સ્થાયી થયેલા યુવકો સાથે લગ્ન કરવા ઈચ્છુક યુવતીઓને લગ્ન કરતા પહેલા રાખવાની કેટલીક મહત્વની તકેદારીઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. જ્યારે ગુજરાત હાઇ કોર્ટના વકીલ સુશ્રી એસ.પી. છાવીયાએ વિદેશમાં અભ્યાસ કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓને રાખવાની તકેદારી વિષે માહિતી આપી હતી.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, લગ્ન વ્યવસ્થા ખૂબ સુચારુ સ્વરૂપે ભારતીયો સાથે જોડાયેલી છે. હાલના ડિજીટલ યુગમાં સંબંધો ખૂબ ઝડપથી વિસ્તારે છે. પરિચય કેળવાતા, પરિપકવ થતા તે સંબંધ લગ્નમાં પરિણમે ત્યારે અનેક સાવચેતીઓ રાખવી જરૂરી છે અને જ્યારે લગ્ન સંબંધ

વિદેશ સ્થાયી થયેલી વ્યક્તિ સાથે જોડાવાના હોય ત્યારે વધુ આગમચેતી રાખવી જરૂરી બને છે. કેમ કે, એક ખોટો નિર્ણય દીકરીઓનું સંપૂર્ણ જીવન બરબાદ કરી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, ડિસીઝન મેકીંગમાં દિકરા – દિકરીઓની સાથે વાલીઓ પણ અગત્યનો ભાગ ભજવે છે ત્યારે આગામી દિવસોમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એનઆરઆઇ મીટનું આયોજન કરાશે, જેમાં વાલીઓને પણ આમંત્રિત કરવામાં આવશે. તેમણે દિકરા અને દિકરીઓ બંનેને જવાબદારી ઉઠાવવા તૈયાર થવાની હાંકલ કરી હતી. સાથે જ ઘરે મોડા આવતા દિકરાને પણ વાલીઓએ તેની પાછળનું કારણ પુછવું જોઇએ તેમ તેમણે જણાવ્યું હતું.

બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન, ગાંધીનગરના પ્રતિનિધિ શ્રી રમેશ રાવલે પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

મુખ્ય વકતા સુપ્રિમ કોર્ટના વકીલ સુશ્રી પ્રિતિબેન જોશીએ જણાવ્યું હતું કે, દિન પ્રતિદિન ભારતમાંથી વિદેશ જઇને વસનારાઓની સંખ્યામાં વધારો થઇ રહયો છે અને તેની સાથે લગ્નમાંથી ઉભી થતી સમસ્યાઓનો પણ વધારો થઇ રહયો છે અને તેને કારણે કેટલીક વખત જટિલ પ્રશ્નો ઉભા થતા હોય છે. બિન નિવાસી ભારતીયો સાથેના લગ્નની બાબતમાં માત્ર ભારતીય કાયદા જ નહીં, પરંતુ જે તે દેશની વધુ જટિલ કાનૂની પ્રથા સાથે જોડાયેલા ખાનગી અને આંતરરાષ્ટ્રીય કાયદા પણ લાગુ પડતા હોય છે, આથી આવા લગ્નોમાં જોખમ રહે છે.

ભાષાની મર્યાદા, સ્થાનિક પોલિસ અને કાનૂની પ્રથાની જાણકારીનો અભાવ અને ઝડપી મળી રહે તેવી નાણાંકીય સહાય તેમજ મુશ્કેલીના સમયમાં આશ્રય મેળવી શકાય એવા સ્થાનનો અભાવ જેવી અનેક સમસ્યાઓનો સામનો યુવતિઓને કરવો પડે છે, આથી યુવતિઓએ જે દેશમાં પરણવું હોય ત્યાંની ભાષા, ખોરાક, સંસ્કૃતિ, જીવનશૈલી અને ઘરના માહોલને ધ્યાનમાં રાખીને જ પરણવું જોઇએ. જે યુવાન સાથે પરણવું છે તેના વિષેની ચોકકસ માહિતી મેળવવી જોઇએ. તેમણે યુવતિઓને વિદેશમાં લગ્ન કરતા પહેલા મહત્વની તકેદારી રાખવાની સલાહ આપી હતી.

તેમણે કહયું હતું કે, લગ્ન માટે કોઇ બ્યુરો, એજન્ટ, દલાલ કે મધ્યસ્થી પર આંધળો વિશ્વાસ ન મૂકવો. કોઇ પણ કારણોસર બનાવટી દસ્તાવેજો કરવા માટે તૈયાર ન થવું, લગ્નના આધારે ગ્રીનકાર્ડ મેળવી આપવાના વચનોથી ભોળવાઇ જઇ લગ્ન નહિ કરવા, બીજા દેશમાં જઇ લગ્ન કરવાનો પ્રસ્તાવ ન સ્વીકારવો, વિદેશમાં રહેતી વ્યકિતનો લગ્ન દરજજો એટલે કે વ્યકિત કુવારી છે, છુટાછેડા કે વિધુર/વિધવા છે, ત્યકતા છે વિગેરેની ચકાસણી કરવી જોઇએ. આ ઉપરાંત ઇમીગ્રેશન સંબંધી સ્થિતિ, વીઝાના પ્રકાર, વિદેશમાં રહેવા તથા પતિ – પત્ની તરીકેની પાત્રતા, નાણાંકીય સંબંધી સ્થિતિ, સંપત્તિ, રહેઠાણનું સરનામું અને કુંટુંબની પાર્શ્વભૂમિ વિગેરે મુદ્દાઓની તકેદારીપૂર્વક ચકાસણી કરવી જોઇએ.

ડિસ્ટ્રીકટ કોર્ટ અને ગુજરાત હાઇ કોર્ટના વકીલ સુશ્રી એસ.પી. છાવીયાએ જણાવ્યું હતું કે, દર વર્ષે ભારતમાંથી હજારો વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા હોય છે ત્યારે વિદ્યાર્થીઓને ત્યાં રહેઠાણ માટેની સગવડ છે કે કેમ? તેની તપાસ કરી લેવી જોઇએ. સાથે જ જે યુનિવર્સિટીમાં તેઓ અભ્યાસ કરવાના છે તેના વિષે પણ પૂરતી માહિતી મેળવી લેવી જોઇએ. ઉચ્ચ અભ્યાસ પૂર્ણ થયા બાદ નોકરીની તક વિષે તેમજ ત્યાંના કલ્ચરલ ઇફેકટ વિષે પણ ધ્યાન રાખવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે, વિદેશોમાં ભારતીય રાજદૂત હોય છે, આથી વિદ્યાર્થીઓએ ભારતીય દુતાવાસની ઓફિસનો સંપર્ક સાધીને યુનિવર્સિટી વિષે તેમજ કોર્સિસ વિષે અને સંબંધિત દેશોના વાતાવરણ વિષે પણ માહિતી મેળવી લેવી જોઇએ. યુક્રેનની ઘટનાનો દાખલો આપી તેમણે વિદ્યાર્થીઓને વિદેશમાં પોતાની સુરક્ષા માટેની કાળજી લેવાની સલાહ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન શ્રી પરેશ લાઠીયાએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના એનઆરજી સેન્ટરના ચેરમેન શ્રી કલ્પેશ લાઠિયાએ સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના એનઆરજી સેન્ટરના કો–ચેરમેન શ્રી ચેતન શેઠ અને ભગવાન મહાવીર યુનિવર્સિટીના ઇન્ચાર્જ પ્રિન્સીપલ સુશ્રી સ્નેહલ વાઘેલાએ વકતાઓનો પરિચય આપ્યો હતો. આ સેમિનારમાં ભગવાન મહાવીર યુનિવર્સિટીના ટ્રસ્ટી શ્રીમતી લીનાબેન જૈન, પ્રો–વોસ્ટ ડો. મનોજ કુમાર, રજિસ્ટ્રાર ડો. વિજય માતાવાલા અને વિદ્યાર્થીનિઓ હાજર રહયા હતા. મુખ્ય વકતા વકીલ સુશ્રી પ્રિતિબેન જોશીએ વિદ્યાર્થીનિઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.